પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક
વેબસાઇટ : www.rbi.org.in

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
ફોન : 91 22 22610835/ ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઈલ : helpdoc@rbi.org.in

જાન્યુઆરી 24, 2019

## ભાગ્યોદય ફ્રેન્ડ્સ અર્બન કો-ઓપરેટિવ બેંક લિમિટેડ, વરુડ, જિલ્લો અમરાવતી ને ભારતીય રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલા નિર્દેશો

ભારતીય રિઝર્વ બેંકે ભાગ્યોદય ફ્રેન્ડ્સ અર્બન કો-ઑપરેટિવ બેંક લિમિટેડ, વરુડ, જિલ્લો અમરાવતી, મહારાષ્ટ્ર પર નિર્દેશ જારી કર્યા છે, જે તારીખ જાન્યુઆરી 17, 2019 ના રોજ બેંકિંગ કારોબારની સમાપ્તિથી છ મહિનાની અવધિ માટે અમલમાં રહેશે.

નિર્દેશ અનુસાર, ભાગ્યોદય ફ્રેન્ડ્સ અર્બન કો-ઑપરેટિવ બેંક લિમિટેડ, વરુડ, જિલ્લો અમરાવતી, ભારતીય રિઝર્વ બેંક પાસેથી લેખિતમાં પૂર્વાનુમતિ લીધા વગર, રિઝર્વ બેંકના નિર્દેશમાં  જણાવ્યા સિવાયના કોઈ પણ લોન અને ધિરાણો મંજૂર નહીં કરે કે તેનું નવીકરણ નહીં કરે, કોઈ પણ પ્રકારના રોકાણો નહીં કરે, ભંડોળો ઉછીના લેવા તેમજ નવી થાપણો સ્વીકારવા સહિતની કોઈ પણ જવાબદારી ઊભી નહીં કરે, પોતાના કોઈ ઋણ કે કોઈ જવાબદારીમાં થી મુક્તિ મેળવવા માટે કે અન્ય કોઈ કારણોસર કોઈ ચૂકવણી નહીં કરે તેમજ કોઈ ચૂકવણી કરવા માટે સહમતિ પણ નહીં આપે, કોઈ પણ પ્રકારની સમજૂતી કે કોઈ વ્યવસ્થા કરીને પોતાની કોઈ સંપત્તિ કે મિલકતનું વેચાણ કે ફેરબદલ નહીં કરે કે અન્ય કોઈ રીતે તેનો નિવેડો નહીં લાવે. વધુમાં, જાન્યુઆરી 17, 2019 ના રોજ જારી નિર્દેશની તારીખથી છ મહિના સુધીની અવધિ દરમિયાન, બેંક તેના થાપણદારોને પ્રત્યેક બચત બેંક અથવા ચાલૂ ખાતામાં અથવા કોઈ અન્ય જમા ખાતામાં રહેલી કુલ બાકીમાંથી ₹ 2,000/- (રૂપિયા બે હજાર ફક્ત) વધુ નહીં તેટલી રકમ એક વખતમાં ઉપાડવા માટેની અનુમતિ આપી શકે છે.

આ નિર્દેશ, બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949 (સહકારી મંડળીઓને લાગૂ પડતો હોય તે મુજબ)ની કલમ 35ક ની સાથે બેંકિંગ વિનિયમન અધિનિયમ, 1949ની કલમ 56 ને વાંચતા, તે કલમોના હેઠળ ભારતીય રિઝર્વ બેંકને પ્રાપ્ત થતી સત્તાનો ઉપયોગ કરતા જારી કરવામાં આવ્યા છે. નિર્દેશની પ્રતિલિપિ જનતાના ઈચ્છુક સભ્યોને અવલોકનાર્થે બેંકના પરિસરમાં પ્રદર્શિત કરવામાં આવી છે.

ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્દેશ જારી કરવાનું એમ અર્થઘટન કરવામાં ન આવે કે ભારતીય રિઝર્વ બેંકે બેંકનુ લાઈસંસ રદ કર્યું છે. બેંકની નાણાકીય સ્થિતિમાં સુધારો આવે ત્યાં સુધી બેંક પ્રતિબંધો સાથે બેંકિંગ કારોબાર કરવાનુ ચાલુ રાખશે. ભારતીય રિઝર્વ બેંક પરિસ્થિતિઓના આધાર ઉપર આ નિર્દેશોમાં ફેરફાર કરવાનો વિચાર કરી શકે છે.

**શૈલજા સિંઘ**
ઉપ મહાપ્રબંધક

**પ્રેસ પ્રકાશન : 2018-2019/1737**